ગાંધીનગર સમાચાર

નગરમાં વનતંત્રએ કરેલું વૃક્ષારોપણ વેરણછેરણ

# શહેરમાં કોંગ્રેસે પોલીસને દોડાવી-દોડાવીને હંફાવી

**નોટબંધીથી પડતી હાલાકીના વિરોધમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસે કલેકટર કચેરીનો ઘેરાવો કર્યો : ૨૦૦ની અટકાયત : જિલ્લા પંચાયતથી રેલીએ આંતરીક માર્ગ પકડી લેતા પોલીસ ગુંચવાઈ**









ગાંધીનગર, તા.૫

નોટબંધી કર્યા બાદ વડાપ્રધાન મોદીએ ૫૦ દિવસમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જવાના વચનો આપ્યા હતા તેમ છતાં હજુ સુધી સામાન્ય નાગરીકોને હાલાકી પડી રહી હોવાથી આ મામલે વિરોધ પ્રદર્શન કરવા જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીનો ઘેરાવો કર્યો હતો. જિલ્લા પંચાયતથી રેલી સ્વરૂપે કોંગી કાર્યકરો નીકળ્યા હતા અને આંતરીક માર્ગ પકડી લેતા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને આ કાર્યક્રમમાં પોલીસને કોંગ્રેસે હંફાવી દીધી હતી અંતે કલેકટર કચેરી બહારથી ૨૦૦ની અટકાયત પોલીસે કરી હતી.

નોટબંધીના નિર્ણયને મોદી સરકારની પ્રજા વિરોધી નીતી ગણાવીને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ રાષ્ટ્ર વ્યાપી આંદોલન છેડયું છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે કલેકટર કચેરીનો ઘેરાવો કરવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીની આગેવાની હેઠળ સવારે કોંગી આગેવાનો-કાર્યકરો જિલ્લા પંચાયત સે-૧૭ ખાતે એકત્રીત થયા હતા. અગાઉથી જાહેર કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમને લઈનો પોલીસ બંદોબસ્ત પણ સઘન બનાવાયો હતો. સચિવાલયમાં રેલી ઘુસી ન જાય તે માટે ત્યાં પણ કિલ્લેબંધી કરી દેવામાં આવી હતી. કલેકટર કચેરીની બહાર પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સવારે જિલ્લા પંચાયત પાસેથી રેલી કાઢી કોંગી આગેવાનો કાર્યકરોએ મુખ્ય માર્ગ પકડવાને બદલે રેલી સેન્ટ્રલ વિસ્ટા થઈને આંતરીક માર્ગો પર ફેરવી દીધી હતી. પોલીસ ગુંચવાઈ ગઈ હતી અને રેલી રોકવા દોડતી થઈ ગઈ હતી. પોલીસને ચકમો આપીને કોંગી આગેવાનો-કાર્યકરો બીએસએનએલ કચેરીથી એલઆઈસી સે-૧૧ કચેરી થઈને જીએસપીસી ભવન માર્ગ થઈ મુખ્ય પોસ્ટ ઓફીસ થઈને રેલી કલેકટર કચેરી સુધી પહોંચી ગઈ હતી. હાંફતી હાંફતી પોલીસ પણ કલેકટર કચેરી પહોંચી હતી અને ઘેરાવો કરવા પહોંચી ગયેલા ૨૦૦ જેટલા કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. ધારાસભ્ય બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ પ્રવકતા નિશિત વ્યાસ, ડૉ. સી.જે. ચાવડા, જશુભા રાણા, હરીભાઈ ચૌધરી, બાબુસિંહ ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ભરતભાઈ પટેલ, આશાબા ઝાલા, પૃથ્વીસિંહ રાઠોડ, બાબુસિંહ ઝાલા, સેંધાજી ઠાકોર, જયંતિભાઈ પટેલ, ધનજીભાઈ પરમાર, મયુરભાઈ બારોટ, રાજુભાઈ પઠાણ, એલ.એન. પરમાર, મુલચંદભાઈ રાઠોડ, જયસિંહ ચોરલ, જિતેન્દ્રસિંહ સોલંકી અને નિખિલ સિંધાનીયા સહિત ૨૦૦ આગેવાનો-કાર્યકરોની અટકાયત પોલીસે કરી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિત પાંચ આગેવાનોએ કલેકટરનો આવેનદપત્ર પાઠવ્યું હતું.



સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સેકટર-૨૮ હરિવંદન ફલેટ ખાતે ખાના ખજાના સીઝન-૨નાં વિજેતા ગીતા ખુમાનના માર્ગદર્શનમાં 'કેક મેકીંગ' શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં તેમણે હાજર બહેનોને સરળતાથી કેક કેવી રીતે બનાવી શકાય તે અંગે સમજણ આપી હતી. આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ પૂ. કૈલાશદીદીએ સર્વેને આશીર્વચન આપ્યા હતા અને ગૃહિણીઓએ ફુરસદના સમયનો સદઉપયોગ કર્યો તે માટે તેમને બિરદાવ્યા હતા.

## બાર્ડ નિગમના કર્મચારીઓને ફાળવાયેલ આવાસોનો મામલો હજુ અનિર્ણાયક

**મુદત પુર્ણ થયા બાદ મંજુરીના અભાવે નિર્ણયના અભાવે તંત્ર દ્વારા આવાસોનુ ભાડુ સ્વીકારાતુ નથી**

ગાંધીનગર તા ૫

નગરના સરકારી આવાસો પૈકી ૪ હજાર જેટલા મકાનો બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા અંદાજિત ૪ હજાર જેટલા કિસ્સાઓમાં મંજુરી આપવાનો મામલો સરકાર કક્ષાએ લાંબા સમયથી વિચારણાધીન છે. અગાઉ આ કર્મચારીઓને મકાનો ખાલી કરાવી દેવાની સુચના અપાયા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા મુદત લંબાવામાં આવી હતી. પરંતુ નિયત સમયના અંતે પણ આ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. જેના લીધે તંત્રની ભાડા વસુલાતી શાખા દ્વારા ભાડુ પણ સ્વીકારવામાં આવતુ નથી.

શહેરમાં સરકારી આવાસોના મામલે તંત્રના ચોપડે પ્રતિક્ષાયાદી દિનપ્રતિદિન મોટી થતી જાય છે. જયારે સરકારી આવાસો પૈકી મોટાભાગના રીનોવેશનની પ્રક્રીયા હેઠળ હોવાથી આવાસો પણ પર્યાપ્ત ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નિકાલ હેઠળના આવસો તોડી નંખાયા બાદ હાલ આ ઠેકાણે નવા મકાનો બાંધવામાં આવી રહયા છે. જયારે આ મકાનો સંપુર્ણ તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે આવાસોની માંગણી સંતોષવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. હયાત આવાસો પૈકી રીનોવેશન હેઠળના મકાનોની સંખ્યા પણ વિશેષ છે. બીજીતરફ આવાસોની મંજુરી સંદર્ભે મુદત પુર્ણ થવા છતા માર્ગ મકાન વિભાગ દ્વારા લાંબા સમયના અંતે મંજુરી આપવામાં આવી નથી. જેના પરિણામે આવાસોનુ ભાડુ સ્વીકારવાની પ્રક્રીયા બંધ છે. જયારે બોર્ડ નિગમના કર્મચારીઓને આવાસની મુદત વધારવાના મામલો પણ સરકાર કક્ષાએ વિચારાધીન છે.

## ગાંધીનગર જિલ્લા ભાજપ સરપંચોનું અભિવાદન કરશે

ગાંધીનગર જિલ્લા વિધાનસભા સીટ દિઠ ભાજપ સમર્થિત સરપંચોનો અભિવાદન સમારોહ જિલ્લા ભાજપ દ્વારા યોજાશે. રાજયના ભાજપ સમર્થિત સરપંચો તથા સભ્યોનો ગાંધીનગરમાં પ્રદેશ કક્ષાએ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અભિવાદન સમારોહ યોજાયો હતો. કલોલ વિધાનસભા ક્ષેત્રમાં ૮મી જાન્યુઆરીએ ૯ કલાકે કે.આર.સી. કેમ્પ હોટલ સિંદબાદની સામે કલોલ, ગાંધીનગર દક્ષિણ વિધાનસભા ક્ષેત્રમાં ૮મી જાન્યુઆરીએ ૪ કલાકે ઈલાઈટ કોમ્પ્લેક્ષ દહેગામ રોડ ચિલોડા મોટા ખાતે અભિવાદન જિલ્લા ભાજપ આગેવાનો દ્વારા કરવામાં આવશે.

## @ગાંધીનગર

● અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ વર્ષ ૨૦૧૭નો સ્નેહમિલન સમારોહ સે-૧૯ જીમખાના ખાતે સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા સે-૨૨ પંચદેવ મંદિર ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● પુન્દ્રાસણ ગામ સ્થિત બ્રહ્માણી માતાના ચોકમાં યુવા કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે બપોરે ૧ કલાકે શીવકથાનો પ્રારંભ.

● સે-૩-સી ખાતે શ્રીમદ ભાગવત કથા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● હરસિધ્ધી સિધ્ધી પીઠ સે-૩-ડી ખાતે પંચાયતન દેવ મહાયાગનો સવારથી પ્રારંભ થશે.

## શહેરમાં 'સર્જકની કેફીયત' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૮મી જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ગાંધીનગર ખાતે 'સર્જકની કેફીયત' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં કોલમીસ્ટ ડૉ. જય ઓઝા કે જેઓની કોલમ 'વિચાર યાત્રા' અન્વયે પાંચ પુસ્તકોનું તાજેતરમાં વિમોચન અને લોકાર્પણ થયેલ છે. સર્જનયાત્રા અને સાહિત્યિક વકતવ્ય ડૉ. જય ઓઝા આપશે. આ સાહિત્યિક મહેફિલને માણવા પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવિકો અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને હાજર રહેવા મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન લેવાયું

ગાંધીનગર, તા.૫

જુનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ગઈ તા. ૪થી જાન્યુઆરીના રોજ ગાંધીનગર નિવાસી સ્વ. પુષ્પાબેન મનુભાઈ મોદી ઉ.આ.વ. ૭૦, પ્લોટ નં. ૯૭/૨, સેકટર-૪-એના રહેવાસીનું અવસાન થતાં તેઓના કુટુંબીજન અનિલભાઈ મનુભાઈ મોદીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું.

સદર કાર્યમાં તબીબી સેવા ડૉ. માધવી અને ડૉ. સૌરભ તથા જુસીકાના કાર્યકર સન્નીભાઈ વાઘેલાના સહયોગથી પૂર્ણ કરવામાં આવી હતી.

સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક-સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલીપભાઈ (જુસિકા)ના સહકારથી કરવામાં આવ્યું હતું.

## શ્રી દંઢાવ્ય ઔદીચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળનો શિષ્યવૃત્તિ ઈનામ વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૫

શ્રી દંઢાવ્યા (સત્તાવીસ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળનો શિષ્યવૃત્તિ ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહ તા. ૮મી જાન્યુઆરી, રવિવારના રોજ અંબોડ સમસ્ત બ્રહ્મસમાજના સહયોગથી અંબોડ મુકામે રાખવામાં આવ્યો છે. સમારોહ અંગે સમારંભ સૌજન્ય બદ્રિશભાઈ જી. પંચોલીએ જણાવ્યું હતું કે સમારંભને દૈદિપ્યમાન બનાવવા તથા મંડળને પ્રગતિના પંથે લઈ જવા સમાજના બ્રહ્મબંધુઓને હાજર રહેવા ખાસ વિનંતી કરી હતી અને સમારંભના દિવસે મંડળની આર્થિક સધ્ધરતા વધારવા માટે સર્વેને યથા શકિત ફાળો જમા કરાવવા અભ્યર્થના કરી હતી.

## લાયન્સ કલબ દ્વારા ડેન્ટલ ચેક અપ કેમ્પ યોજાયો



બોરીજ પ્રાથમિક શાળા ખાતે લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સહયોગ ડેન્ટલ કોલેજ અમદાવાદના સહકારથી ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૮૦૦ બાળકોને દાંત અંગેનું શિક્ષણ, દાંતની ચકાસણી, દવાઓ અંગેની વ્યવસ્થા ડૉ. કાજલ અને ડૉ. શ્વેતા ધીવારના નેતૃત્વમાં ૧૪ ડૉકટર્સની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

તમામ બાળકોના દાંતની સઘન ચકાસણી કરી ઈલાજ કરાયો હતો અને બાળકોને દાંતની રચના, દાંતના રોગો, દાંતની જાળવણી, બ્રશ કેવી રીતે કરવું, શું ખાવું-શું ન ખાવું તથા દાંતના સડા-રોગો માટે જવાબદાર રીતોની માહિતી પણ આપવામાં આવી હતી.

લાયન્સ પ્રમુખ નિમેષ રાવલે ડૉકટર્સની ટીમ, શાળાના પ્રિન્સિપાલ કાશ્મીરાબેન, ટીચર્સ અને બાળકોનો સેવાનો આ મોકો આપવા બદલ આભાર માન્યો હતો. સેન્ટેનીયલ સર્વિસ અન્વયે આ ખુબ સુંદર મજાના સેવાયજ્ઞમાં હાજર રહેલા લાયન સભ્યો પદમસિંહ, રઘુસિંહ ગોલ, મોહનભાઈ પરમાર, મમતા રાવલ, લીઓ પ્રેસીડેન્ટ કથન ત્રિવેદી, રીષભ પ્રજાપતિ, નિખિલ સોની, ઋત્વિક પટેલ, કાર્તિકસિંગ યાદવ પોતાનું યોગદાન આપ્યું હતું. અજય પટેલ, શૈલેષ પટેલે પણ આ કાર્યમાં સહકાર આપ્યો હતો.

## પડોશીએ યુવતીના ઘરમાં ઘુસીને તેની સાથે લગ્ન કરવા ધમકી આપી : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૫

શહેરમાં એક વિચિત્ર ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. પડોશમાં રહેતા યુવાન શખ્સે એક યુવતીના ઘરમાં ઘુસીનો બળજબરીપૂર્વક તેણીના વાળ ખેંચી કહ્યું કે 'તું મારી સાથે લગ્ન નહીં કરે તો જાનથી નારી નાંખીશ.' લગ્ન કરવા દબાણ કરીને મારઝુડ કરી યુવકે આપેલી ધમકી સંદર્ભે યુવતીએ સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. આ ગુનામાં ફરાર યુવાન શખ્સ મનોજ લક્ષ્મણ પટણીને પકડી પાડવા પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ તજવીજ શરુ કરી છે. યુવતીની ફરિયાદને આધારે મનોજ પટણી સામે આઈપીસી કલમ ૩૫૪, ૩૨૩ અને ૫૦૬-૨ મુજબ ગુનો દાખલ કર્યો છે.

# નગરમાં વનતંત્રએ કરેલું વૃક્ષારોપણ વેરણછેરણ

**ફુટપાથ નજીક ફેન્સીંગ મારી આડેધડ વાવેલા વૃક્ષો મૃતપાય બન્યા : ઉગી નીકળેલા નકામા ઘાસને દૂર કર્યા વગર કરાયું હતું વૃક્ષારોપણ**



ગાંધીનગર, તા.૫

નગરમાં જાણે નાગરીકોને કશી જ ખબર ના પડતી હોય તેમ વનતંત્ર પોતાના ચોપડાને સરખા કરવા વૃક્ષારોપણ બતાવી રહ્યું છે. માર્ગ નં. ૬ ઉપર સેકટર-૨૮ની ફુટપાથ પાસે આવી સ્થિતિનું નિર્માણ થયું છે. નકામા ઘાસ અને ઝાડી-ઝાંખરા દૂર કર્યા વગર જયાં જગ્યા મળી ત્યાં આડેધડ વૃક્ષો વાવી ફેન્સીંગ કરી લેવાયું હતું. જે બેથી ત્રણ માસમાં વેરણ છેરણ બની ગયું છે. વૃક્ષોને પાણી આપવું કે તેની સાફ સફાઈ રાખવા જેવી દરકાર ન લેવાતા વનતંત્ર ફકત દફતરે નોંધો પાડવા જ આ પ્રવૃત્તિ કરતું હોય તેવું લાગી રહ્યું છે. હરીયાળા ગાંધીનગરમાં હવે આવા દશ્યો ઠેર ઠેર જોવા મળતા થયા છે ત્યારે આ અંગે યોગ્ય તપાસ થાય તેવી માંગ પણ નગરજનોમાં ઉઠવા પામી છે.

નગરમાં વન તંત્રની કામગીરી વગોવાઈ રહી છે. જેમાં છાશવારે કરાતાં વૃક્ષારોપણની સમયાંતરે સમીક્ષા ન થતી હોવાનું કારણ બહાર આવ્યું છે. નગરજનો પણ વનતંત્રની કામગીરીને ફકત દફતરે નોંધ પૂરતી હોવાનું માની માર્ચ આસપાસ જ આવા વૃક્ષારોપણ થતાં હોવાનું જણાવી રહ્યા છે. તેવી જ રીતે માર્ચ મહિનામાં સે-૨૮ની માર્ગ-૬ બાજુની ફુટપાથ નજીક ફેન્સીંગ કરી કોર્ડન કરાયું હતું તે પછી એક કે બે માસ પછી જગ્યાએ વૃક્ષો વાવી દેવાયા હતા જેમાં મોટા પાયે ઝાંડી ઝાંખરા અને ઘાસ ઉગી નીકળેલ હતું છતાં તે દૂર ન કરી ફકત કાગળ ઉપર કામગીરી બતાવવા આ વૃક્ષારોપણ થતું હોવાનું નગરજનોએ નજરે નીહાળ્યું હતું.

હાલમાં આ વાવેલા વૃક્ષો પાણી વગર અને ઝાંડી-ઝાંખરા સહિત ઘાસના સામ્રાજય વચ્ચે મૃતઃપાય બની ગયા છે. નાગરિકોના કરવેરામાંથી થતી આવી આ જાહેર પ્રવૃત્તિ બિન ઉપયોગી બની જવાના સંજોગોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તેવું નાગરિકો બળાપો કાઢી રહ્યા છે. વનતંત્રના જવાબદારો પાસેથી આ અંગેની માહિતી મેળવી તાત્કાલીક સ્થળોની મુલાકાત ગોઠવી કસુરવાર અધિકારીઓ પાસેથી વસુલાત કરવા તથા દંડનાત્મક કાર્યવાહી કરવા જલદ માંગણી ઉભી થઈ છે. હરીયાળા, સ્વચ્છ અને સુંદર ગાંધીનગરની આન, બાન અને શાન એ નગરમાં લહેરાતા વૃક્ષો બન્યા છે ત્યારે તેની જવાબદારી વન તંત્રની બને છે જેમાં ગંભીર ગણાતી આવી બેદરકારીઓ અક્ષમ્ય હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે.

## યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના નિવૃત્ત અધિકારી-કર્મચારીઓનું તા. ૮મીએ સ્નેહમિલન

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગરના નિવૃત્ત અધિકારી-કર્મચારીઓનું સ્નેહમિલન તા. ૮મી જાન્યુઆરીના રોજ સવારે દશ વાગે છેલછબીલા રેસ્ટોરન્ટ-સરગાસણ ચોકડી ખ-૦ રોડ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા માટે ખેમચંદભાઈ પટેલે જણાવેલ છે.

## સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજની મહિલાઓએ ઉત્તરાયણ નિમિત્તે દાન કર્યું

ગાંધીનગર, તા.૫

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની મહિલા પાંખ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે દાન પુણ્યનું કાર્ય કરવામાં આવ્યું હતું.

આ કાર્યમાં સમાજની મહિલા પાંખના સરિતાબેન પટેલ, વીરલબા વાઘેલા, નીલાબેન શુકલ, શિલ્પાબેન કાકડીયા, મનહરબા ધાધલ અને હંસાબા ધાધલના આર્થિક સહયોગથી અતિ ગરીબ એવા ૭૨ કુટંબની મહિલાઓને ૭૨ નંગ પ્લાસ્ટીકની ડોલ અને ટમલરનું વિતરણ કરી મકરસંક્રાતિ પર્વ નિમિત્તે પુણ્યનું કાર્ય પાર પાડવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. કાન્તાબેન માલજીભાઈ સુથાર, ઉ.વ. ૭૬